ગુણવત્તા નિયમન તંત્રને લગત રદ કરવાના
થતા પરિપત્ર/ઠરાવ બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ગુનિજન/પરિપત્ર/૨૦૧૫/ગુ.નિ
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૨/૨૦૧૫

સંદર્ભઃ- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૦૭/૨૦૧૫ નો પત્રક્રમાંકઃએસસીબી-૧૦૨૦૧૫(૨૪)(૫૪૧૭૩૦) (પાર્ટ-૧)-સી.યુ.

આમુખઃ-

વહીવટી તંત્રમાં સરળતા તેમજ એકસૂત્રતા રહે તે માટે જે તે વિષયની સુચનાઓ, પરિપત્ર, સરકારી ઠરાવ સ્વરૂપે વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેમજ જે પરિપત્ર કે ઠરાવ હવે અમલમાં રહેતા ન હોય તેવા પરિપત્રોને સંકલિત કરી અદ્યતન સંકલિત પરિપત્ર બહાર પાડવાનું કે રદ કરવાપાત્ર પરિપત્રોને રદ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા ઉકત બાબતે આ સાથે નીચે જણાવેલ પરિપત્ર/ઠરાવ અમલવારી કરવાની રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. કારણકે તેમનું અમલીકરણ અમુક સમયમર્યાદામાં જ કરવાનું થતું હતું અને તે સમયમર્યાદા પૂર્ણ થઇ ગંયેલ હોય આ પરિપત્ર/ઠરાવ હાલ અમલમાં નથી અને ભવિષ્યમાં પણ તેના પર અમલવારી કરવાની રહેતી નથી. તેથી આ પરિપત્ર/ઠરાવને રદ ગણવાના રહેશે.

| ક્રમ | મા.મ. વિભાગના પરિપત્ર નંબર અને તારીખ | વિષય |
|---|---|---|
| ૧ | પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦૯૦/૧૦૧૩/(૦૭)/સ તા.૦૫/૦૩/૧૯૯૦ | બાંધકામના કામોમાં ગુણવત્તા નિયમન માટે લેવામાં આવતી એક ટકા (૧ %)ની રકમ ગેરીને આપવા બાબત |
| ૨ | ઠરાવક્રમાંકઃ ટીએનસી/૧૦૮૫-૪-સ તા.૨૦/૧૨/૧૯૯૧ (સંદર્ભઃ- સરકારશ્રીના તા.૧૦/૦૫/૧૯૮૫ના સરખા ક્રમાંકનો ઠરાવ) | માલસામાનના ટેસ્ટીંગ ચાર્જીસ ઠેકેદારો પાસેથી વસુલ કરવા અંગેની જોગવાઇ કરવા બાબત |

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

Superintending Engineer
... Cir. (R & B) ...
Ahmedabad
| | |
|---|---|
| I.W. No. | |
| Date | |
| A.C. | |
| O.S. | |
| P.A. | |
| S.E. | |